# અંબાજી ભાદરવી મહા મેળામાં લાખો માઈ-ભક્તો ઉમટ્યા






## ''અરવલ્લી ગિરીકંદરાઓમાં જામી છે ગરબા અને ભક્તિરસની રમઝટ''

પાલનપુર, તા. ૨૪

આદ્યશક્તિ મા અંબેના જગપ્રસિદ્ધ તીર્થસ્થાન અંબાજી મુકામે ભાદરવી મહામેળા પ્રસંગે લાખો માઈભક્તો ઉમટી રહ્યા છે. સદીઓથી ઉજવાતા આ પવિત્ર અવસરમાં દુરદુરથી માઈભક્તો અંબાજી આવીને ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કરી ધન્યતાનો અહેસાસ કરે છે. બારસથી યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે. તેરસ અને ચૌદશ આ બે દિવસોમાં મેળો મિની મહાકુંભ સમાન બની જશે. અંબાજી ભાદરવા મહામેળાની હવે શાનદાર જમાવટ થઈ રહી છે. રસ્તાઓ ઉપર યાત્રીકોની સંખ્યામાં સારો વધારો જોવા મળે છે. દુરદુરથી ચાલીને આવતા માઈભક્તોની અંબાજીની યાત્રા સુખદ અને યાદગાર બની રહે છે. જીવનની રોજીંદી ઘટમાળ, ચિંતા અને ટેન્શનમાંથી મુક્ત બની પદયાત્રીકો રમતા ઝુમતા ભક્તિભાવ સાથે અંબાજી પહોંચી રહ્યા છે. રસ્તાઓ ઉપર ઠેર ઠેર વિવિધ સેવા કેન્દ્રો ધમધમતા જોવા મળે છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મળેલ જાણકારી પ્રમાણે તા. ૨૩ સપ્ટેમ્બર સાંજ ૪.૩૦ વાગ્યા સુધીમાં કુલ ૨,૪૧,૮૧૬ યાત્રિકોએ દર્શન કર્યા હતા. તેમજ ટ્રસ્ટને કુલ આવક રૂ. ૫૦,૪૮,૦૨૭ ની થઈ હતી. ૪૦,૨૭૯ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજનનો લાભ લીધો હતો. તેમજ ૧,૬૧,૦૫૫ પ્રસાદના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેળા પ્રસંગે યાત્રિકોને કોઈ જ તકલીફ ના પડે અને સુખરૂપ અંબાજીની યાત્રા સંપન્ન કરે તે માટે કલેક્ટરશ્રી દિલીપ રાણા મેળાની પરિસ્થિતિ પર ઝીણવટભરી સીધી નજર રાખી અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપે છે. યાત્રિકો માટેની જરૂરી તમામ વ્યવસ્થાઓ સારી રીતે જળવાઈ રહે તે માટે વહીવટીતંત્ર દ્વારા અથાક પ્રયાસો ચાલી રહ્યા છે. માઈભક્તો સારા દર્શન કરી શકે તે માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.



### ''વિશ્વનો સૌથી મોટો લાડુ આજે માતાજીને ધરાવાશે''

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભાદરવી પૂનમ મહામેળા પ્રસંગે ૧૧,૧૧૧ કિલોનો બુંદીનો લાડુ બનાવવામાં આવ્યો છે. લાડુ બનાવવાના વિશાળ પાત્રમાં કલેક્ટરશ્રીના હસ્તે અંતિમ ચરણમાં લાડુની સામગ્રી અર્પણ કરીને તેને પૂર્ણ કરવામાં આવી હતી. દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતું કે ૧૧,૧૧૧ કિલોનો લાડુ પ્રસાદ સ્વરૂપે યાત્રિકોને વિતરણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે વિશ્વનો સૌથી મોટો લાડુ અંબાજી ટ્રસ્ટ દ્વારા માતાજીને ધરાવાતા અંબાજીનું નામ વિશ્વકક્ષાએ વધુ રોશન થશે.

### ''વેબકાસ્ટીંગ સુવિધાથી દેશ અને દુનિયાના લોકો અંબાજી મેળો નિહાળે છે''

કલેક્ટરશ્રી દિલીપ રાણાની સુચનાને પગલે અંબાજી ભાદરવી મહામેળાનું વેબકાસ્ટીંગથી લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવે છે. આથી સમગ્ર દેશ અને વિશ્વના કોઈપણ ખુણે બેઠેલા માઈભક્તો ઘેર બેઠા અંબાજી મેળો અને માતાજીની આરતીના સરસ સમયના દર્શન કરી શકે છે. મંદિર સૂત્રો તરફથી મળેલ માહિતી અનુસાર વિશાળ સંખ્યામાં માઈભક્તો મંદિરની વેબસાઈટ ઓપન કરીને માતાજીના આ પવિત્ર અવસરને નિહાળે છે. મંદિરની વેબસાઈટ www.ambajitemple.in અને www.51shaktipeethambaji.org ઉપર જીવંત પ્રસારણ જોઈ શકાય છે.




# મોડાસામાં પ્લોટધારકો દ્વારા બાંધકામ ન કરાતા નગરપાલિકાને વર્ષે ૫૦ લાખથી વધુ નુકશાન

### ૧ હજારથી વધુ ખુલ્લા પ્લોટ ધારકો સામે શરતભંગની કાર્યવાહિ મોડાસા નગરપાલિકા કરશે

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જિલ્લાના રહીશો, રોકાણકારો અને લે-વેચ કરનારા જમીન દલાલો દ્વારા શહેરની અનેક સોસાયટીઓમાં પ્લોટ ખરીદી કરી વર્ષોથી પ્લોટધારકો દ્વારા બાંધકામ ન કરાતા મોડાસા નગરપાલિકા દ્વારા શરતભંગની કાર્યવાહિ ટુંક સમયમાં હાથ ધરાશે. મો.ન.પા.એ આ અંગે માનલતદારમાં પણ દરખાસ્ત કરી દેવાતા ટુંક સમયમાં પ્લોટ ધારકો સામે શરતભંગની કાર્યવાહિ કરી દંડ ફટકારવામાં આવશે. ખુલ્લા પ્લોટોને કારણે ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય વધતા તંત્રે ઉંચાભાવ મેળવવાની લાલચમાં પ્લોટ ખુલ્લા રાખનારાઓ સામે કાર્યવાહિ હાથ ધરાવવાની હોવાનું જાણવા મળતા ફફડાટ ફેલાયો છે.

મોડાસા નગરપાલિકાની હદમાં અંદાજે ૧ હજારથી વધુ પ્લોટ એનએ કરેલા ખુલ્લી સ્થિતિમાં પડ્યા છે. સરકારના ધારાધોરણ મુજબ એનએ કરાયા પછી જમીનમાં નિયમીત સમય મર્યાદામાં બાંધકામ કરી દેવાનું હોય છે. અને આ બાંધકામનો વેરો નગરપાલિકાને ચૂંકવવાનો હેય છે. પરંતુ રોકાણકારો અને જમીનના દલાલોએ શહેમાં કેટલાય પ્લોટ ખરીદી ઉંચો નફો રળી લેવા સરકારના નિયમોનું ઉલ્લંઘન કરી પ્લોટ ખરીદ્યા બાદ કોઈપણ જાતનું બાંધકામ ન કરાતા નગરપાલિકા તંત્ર દ્વારા આવા ખુલ્લા પ્લોટ ધારકો સામે સરતભંગની કાર્યવાહિ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને સરકારના નિયમોનું પાલન ન કરી શરતભંગ કરવામાં આવી હોય તેવા પ્લોટ ધારકો સામે કાર્યવાહી કરવા માટે મામલતદાર કચેરીમાં દરખાસ્ત કરવામાં આવી છે. જેના આધારે ટુંક સમયમાં શરતભંગની કાર્યવાહિ કરી ખુલ્લા પ્લોટ ધારકોને દંડ ફટકારવામાં આવશે. હાલ શહેરમાં રહેલા ખુલ્લા પ્લોટ પર બાંધકામ કરવામાં આવે તો નગરપાલિકાને વર્ષે ૫૦ લાખ જેટલી આવક વેરાની રકમ મળી શકે તેમ છે. સરકારી તિજોરીને વર્ષે લાખ્ખો રૂપિયાનું નુકશાન થતા ખુલ્લા પ્લોટ ધારકો સામે કાર્યવાહિ હાથ ધરાતાં પ્લોટધારકોમાં ફફડાટ ફેલાયો છે.

### પ્લોટ ધારકો દ્વારા કરાયેલા શરતભંગની કાર્યવાહીથી સરકારી તિજોરીને ૧.૫૦ કરોડની આવક

મોડાસા નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનારી શરતભંગની કાર્યવાહીથી ૧ હજારથી વધુ પ્લોટ ધારકોને દંડ ફટકારવામાં આવશે. ન.પા. દ્વારા અંદાજે ૧૫૦૦ લેખે પણ દંડ ફટકારવામાં આવે તો દોઢ કરોડથી વધુ આવક સરકારની તીજોરીને થાય એવી છે. છતાં મામલતદાર કચેરી દ્વારા શરતભંગની કાર્યવાહિની દરખાસ્ત અંગે ઢીલી નીતી અપનાવવામાં આવી રહી હોય તેવું નગરપાલિકાના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## અરવલ્લીની શ્રીનાથ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારોની વરણી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાની શ્રીનાથ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની સામાન્ય બેઠક તાજેતરમાં મંડળીના ચેરમેન અરવિંદભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સોસાયટીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં ક્રેડીટ સોસાયટીના ચેરમેન તરીકે મોડાસા કેળવણી મંડળના માનદમંત્રી તથા મંડળીના વાઈસ ચેરમેન સુરેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવી હતી. જ્યારે વાઈસ ચેરમેન તરીકે સુરેશભાઈ મહેતા, મેનેજીંગ ડીરેક્ટર તરીકે ડૉ. મુકેશભાઈ શાહ, કિરીટભાઈ શાહ તેમજ નવીનભાઈ મોદીની લીગલ એડવાઈઝર તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. ડિરેક્ટર તરીકે કિરીટભાઈ શાહ, બિપીનભાઈ શાહ, નિલેશભાઈ શાહ, દિનેશભાઈ શાહ અને કલ્પેશભાઈ શાહની વરણી કરવામાં આવી હતી. ચેરમેન સુરેન્દ્રભાઈ શાહે અરવિંદભાઈ મોદીનું શાલ ઓઢાડી સન્માન કર્યુંહતં.









મોડાસા લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબ દ્વારા મોડાસા સહયોગ ચોકડી નજીક અંબાજી જતા પગપાળા સંઘ અને પદયાત્રીઓ માટે અલ્પ આહારની વ્યવસ્થા કરાઈ હતી. મોડાસાની સરસ્વતિ વિદ્યાલયમાં યોજાયેલા અરવલ્લી જિલ્લાના નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ અંતર્ગત સેમીનાર યોજાયો હતો. જેમાં જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને લાયન્સ ક્લબ ઓફ મોડાસા ઝેડસી પ્રવિણ પરમાર, ભાવેશ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, પ્રેમીલાબેન પટેલ દ્વારા ઈનામ વિતરણ કરાયું હતું. ડૉ. હસમુખ પટેલ, ડૉ. નૈનેષ પટેલ, ભાવેશ જયસ્વાલ અને લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેને અલ્પહારાનું વિતરણ કર્યું હતું.

## બનાસડેરી : માજી ધારાસભ્ય સામે પોલીસ ફરીયાદ

પાલનપુર, તા. ૨૪

એશિયાની નંબર વન ગણાતી બનાસડેરીમાં કસ્ટોડીયનની નિમણુંકના વિરોધમાં બનાસડેરીના ચેરમેન પરથી ભટોળના સમર્થકો મારામારી પર ઉતરી આવતા અફરાતફરી મચી ગઈ હતી. જે કેસમાં પાલનપુર તાલુકા પોલીસે માજી ધારાસભ્ય સહીત ૨૦ લોકો સામે પોલીસ ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરની બનાસડેરીમાં કસ્ટોડીયનની નિમણુંકના વિરોધમાં બનાસડેરીના ચેરમેન પરથી ભટોળના સમર્થક એવા પશુપાલકો બનાસડેરીમાં દોડી આવ્યા હતા. રાજ્યમંત્રી શંકર ચૌધરીના છાજીયા લેતા પશુપાલકો ડેરીમાં ઘુસી ગયા હતા. જ્યાં તેઓએ શંકર ચૌધરીના સમર્થક બનાસડેરીના ડીરેક્ટર અણદાભાઈ પટેલ અને કસ્ટોડીયન એસ.બી. ચૌહાણ પર હૂમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. આ કેસમાં પોલીસે પરથી ભટોળના પુત્ર અને દાંતાના ભાજપના માજી ધારાસભ્ય વસંત ભટોળ સહીત ૨૦ લોકો સામે નામજોગ ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે આ કેસમાં લૂંટ, રાયોટીંગ અને સરકારી કામમાં વિક્ષેપ કરવા બદલ ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ પણ કરી છે. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. આમ, બનાસડેરીના ઈતિહાસમાં પ્રથમવાર શર્મનાક ઘટના બનતા સહકારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## ગુજરાત યુનિવર્સિટીની ગંભીર બેદરકારી

મોડાસા, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટી તેના છબરડા અને બેદરકારી માટે વારે ઘડીએ વિવાદમાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી આ વખતે વિદ્યાર્થીઓને એની ગંભીર બેદરકારીનો પરચો આપ્યો છે. મોડાસા તાલુકાના લીંભોઈના પટેલ હિમાંશુકુમાર પ્રવિણભાઈ અને મોડાસાના પટેલ પલકબહેન વિનોદભાઈએ થોડા સમય પહેલાં લુણાવાડા ખાતે એક્ષર્ટનલ વિદ્યાર્થી તરીકે ગુજરાત યુનિવર્સિટીની એમ.એ. સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી હતી. અને તાજેતરમાં યુનિવર્સિટીએ આ પરીક્ષાનું પરીણામ જાહેર કર્યું હતું અને વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ પોતાના સરનામે મોકલવામાં આવી હતી. નવાઈની વાત તો એ છે કે આ વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીનું સીલબંધ કવર તો મળ્યું પરંતુ કવર તોડતાં અંદર માર્કશીટ જ નહોતી. યુનિવર્સિટીની આવી ગંભીર બેદરકારીથી વિદ્યાર્થીઓ ડઘાઈ ગયા હતાં. ગુજરાત યુનિવર્સિટી જેવી નામચીન યુનિવર્સિટી માર્કશીટ જેવી બાબતે પણ ગંભીર નથી તે જાણી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપ્યો હતો. આ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓએ રજુઆત કરવા માટે ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતેના લેન્ડલાઈન ફોન પર છેલ્લા કેટલાક દિવસોથી સંપર્ક કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પંરતુ યુનિવર્સિટીમાં કોઈએ ફોન ઉપાડવાની તસ્દી લીધી નહોતી.



## મેઘરજ બીટની વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા યોજાઈ

મેઘરજ તાલુકાના મેઘરજ બીટની વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા મંગળવારના રોજ મેઘરજ શાળા નંબર-૧માં યોજાઈ હતી. જેમાં બીટમાં આવતી પ્રાથમિક શાળાઓના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વક્તૃત્વ સ્પર્ધા સી.ડી. મહેતા હાઈસ્કૂલની વિદ્યાર્થીની પટેલ પુજાબેન અને નિબંધ સ્પર્ધામાં લિંભોઈ પ્રાથમિક શાળાની દરજી જીનલબેન પ્રથમ નંબરે આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા મેઘરજ ૧ સીઆરસી નફીસાબેન કુશ્કીવાલા અને મેઘર-૧ આચાર્ય બંસીલાલે કરી બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપ્યા હતા.

## પાલનપુરમાં રજીસ્ટ્રાર કચેરીનો ચોકસી અધિકારી લાંચ લેતા ઝડપાયા

પાલનપુર, તા. ૨૪

પાલનપુરની રજીસ્ટ્રાર મંડળીઓનો ચોકસી અધિકારી આજે લાંચના છટકામાં રૂ. ૧૫ હજાર લાંચ લેતા રંગેહાથે ઝડપાયો હતો.

પાલનપુરના સુખબાગરોડ વિસ્તારના રહિશ અમૃતલાલ પંડ્યાને મંડળી વિવાદીત પ્રશ્નનો પોઝીટીવ રીપોર્ટ આપવા પાલનપુરમાં જિલ્લા રજીસ્ટ્રાર કચેરીનો સંપર્ક કર્યો હતો. જ્યાં ઈન્ચાર્જ ચોકસી અધિકારીએ લાંચની માંગ કરતા ફરિયાદીએ આ મામલે એ.સી.બી.ની કચેરીમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે એસીબીની ટીમે છટકુ ગોઠવી જોરાવર પેલેસ પાસેના અમુલ પાર્લર પાસે રાજેન્દ્ર કાન્તીલાલ ચૌહાણને રૂ. ૧૫ હજારની લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય આરોપી આસીસ્ટન્ટ ડિસ્ટ્રીક્ટ રજી. મંડળીઓના ઈન્ચાર્જ અધિકારી અમૃત પટેલ સામે પણ આ ગુનામાં સામેલ હોઈ એસીબીની ટીમે તેની ધરપકડ કરવા કમર કસી છે.



## પ્રાંતિજના ગલતેશ્વર માર્ગ પર બાઈકની ચોરી થતા પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભાના યુવકનું બાઈક ચોરી થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. પ્રાંતિજ તાલુકાના બોભા ગામનો યુવક પ્રાંતિજના ગલતેશ્વર રોડ ઉપર આવેલ ફેક્ટરી અંબર્ટો કંપની પાસે બજાજ ડીસ્કવર મોટર સાઈકલ નં. જીજે૯.એક્યુ.૮૩૩૪ જેનો એંજિન નં. ૮૮૧૬૪ તથા ચેચીસનંબર ૯૪૧૨૪ની જેની કિંમત ૨૫૦૦૦ જે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં મોટર સાયકલ માલિક અમૃતસિંહ પૃથ્વીસિંહ રાઠોડ રહે. બોભા નાનોવાસ દ્વારા પ્રાંતિજ પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.